પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૧ | ૨૧ ઓક્ટોબર, ૨૦૨૧, ગુરૂવાર; આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બંગાળથી સિક્કીમ સુધી વરસાદી આફત

## લેન્ડસ્લાઈડના કારણે કેટલાક રોડ બંધ : બંગાળના જલપાઈગુડી અને દાર્જિલિંગના પહાડી વિસ્તાર પર લેન્ડસ્લાઈડની ઘટનાઓ સામે આવી







નવી દિલ્હી, તા.૨૦

દેશના કેટલાક ભાગમાં ભારે વરસાદથી તબાહી મચી ગઈ છે. ઉત્તરાખંડ, કેરળ બાદ પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ સતત થઈ રહેલા વરસાદે મુસીબત કરી છે. સિક્કિમ અને પશ્ચિમ બંગાળના જલપાઈગુડી અને દાર્જિલિંગમાં લેન્ડસ્લાઈડના કારણે કેટલાક રોડ બંધ થઈ ગયા છે.

બંગાળના જલપાઈગુડી અને દાર્જિલિંગના પહાડી વિસ્તાર પર છેલ્લા ૪૫ કલાકથી સતત થઈ રહેલા વરસાદના કારણે કેટલાક સ્થળો પર લેન્ડસ્લાઈડની ઘટનાઓ સામે આવી છે. મહાનદીમાં એનએચ ૫૫ પર ભૂસ્ખલન થયુ છે. સુકના સુધી રસ્તા જામ થઈ ગયા છે. કુરસ્યોંગમાં લેન્ડસ્લાઈડના કારણે ઘરને પણ નુકસાન પહોંચ્યુ છે. ઘટનાના કારણે ઘરે કોઈ હાજર નહોતુ.

કુરસ્યોંગમાં ભૂસ્ખલન બાદ કેટલાક ઘર પર પડવાનુ જોખમ છે. એવામાં પરિવારની પાસેના હોલમાં સ્થળાંતરિત કરી દેવાયા. સતત થઈ રહેલા વરસાદના કારણે અહીંના ગ્રામીણ વિસ્તાર પણ શહેરોથી કપાઈ ગયા છે.

સતત થઈ રહેલા વરસાદથી જલપાઈગુડી પણ પ્રભાવિત છે અને અહીં કેટલાક વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે એટલુ જ નહીં સિક્કિમ તરફ જનારી રસ્તા પણ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. ઉત્તર બંગાળમાં પર્યટકોને ભારે સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે કેમ કે રસ્તા બંધ છે, બાગડોગરા એરપોર્ટથી ફ્લાઈટ સંચાલન પણ પ્રભાવિત થઈ છે. અહીં મંગળવારે ૫ ફ્લાઈટ્સ કલકત્તા એરપોર્ટ ડાયવર્ટ કરવામાં આવી. પાણી ભરાવાના કારણે રેલ સેવા પણ ઘણી પ્રભાવિત થઈ છે. સ્થાનિક વાહન ઘણા ઓછા છે. પહાડોમાં ફસાયેલા પર્યટકો માટે ખાસ બસ સેવા શરૂ કરવામાં આવી છે.

ઉત્તરાખંડમાં વરસાદ સાથે જોડાયેલી ઘટનાઓ અને લેન્ડસ્લાઈડમાં ૪૭ લોકોના મોત નીપજ્યા છે. કેટલાક લોકો લાપતા થઈ ગયા છે. નૈનીતાલનો સંપર્ક બાકી રાજ્યમાંથી કપાઈ ગયો છે. લેન્ડસ્લાઈડના કારણે શહેરના તમામ બાહરી રોડ બંધ છે. આ સિવાય વિજળી, ઈન્ટરનેટ અને ટેલિકોમ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. અહીં રેસ્ક્યુ માટે એરફોર્સે હેલિકોપ્ટર્સ તૈનાત કર્યા છે

# ઉત્તરાખંડમાં આકાશી આફતથી ૪૬ના મોત

**વરસાદ, વાદળ ફાટવા અને અચાનક પૂર આવવાના કારણે તબાહી : નૈનીતાલ અને અન્ય ક્ષેત્રોમાંથી અનેક વીડિયો સામે આવ્યા છે જેમાં રસ્તાઓ અને પુલો પાણીમાં વહેતા જોવા મળી રહ્યા છે, રેલના પાટા પણ વહી ગયા**

નવી દિલ્હી, તા.૨૦

ઉત્તરાખંડમાં એકવાર ફરીથી વરસાદ, વાદળ ફાટવા અને અચાનક પૂર આવવાના કારણે તબાહી મચી ગઈ છે. રાજ્યના અનેક ભાગોમાં આ કુદરતી આફતના કારણે મૃત્યુઆંકનો આંકડો ૪૬ સુધી પહોંચી ગયો છે. નૈનીતાલ અને અન્ય ક્ષેત્રોમાંથી એવા અનેક વીડિયો સામે આવ્યા છે જેમાં રસ્તાઓ અને પુલો પાણીમાં વહેતા જોવા મળી રહ્યા છે. રેલના પાટા સુદ્ધા વહી ગયા છે.

નૈનીતાલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે જિલ્લામાં ૨૫ લોકોના મોત અને સાત લોકો ગૂમ થયા હોવાની પુષ્ટિ કરી છે. એટલે કે કુલ ૪૬માંથી ૨૫ લોકોના મોત નૈનીતાલમાં મચેલી તબાહીમાં થયા છે. મૃતકોમાં ૧૪ યુપી અને બિહારના મજૂરો છે. જ્યારે ઝૂતિયા ગામમાં જ એક મકાનના કાટમાળમાં દીવાલ નીચે દબાઈ જવાથી પતિ પત્ની અને તેમના પુત્રના જીવ ગયા. આ ઉપરાંત નૈનીતાલના જ ક્વારબમાં ૨, કેંચીધામ પાસે ૨, બોહરાકોટમાં ૨, જ્યોલીકોટમાં એક અને ભીમતાલના ખુટાનીમાં હલ્દુચૌડ રહીશ શિક્ષકના પુત્રનું કાટમાળ નીચે દબાઈ જવાથી મોત થયું. અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ કરાયું છે.

અલ્મોડામાં છ લોકોના કાટમાળ નીચે દબાઈ જવાથી મોત નિપજ્યા છે. જ્યારે ચંપાવતમાં પાંચ અને પિથૌરાગઢ-બાગેશ્વરમાં પણ એક એક વ્યક્તિનું મોત થયું છે. બાજપુરમાં તેજ પ્રવાહમાં તણાઈ જવાના કારણે એક કિસાનનુ મોત થયું.

ઉત્તરાખંડના ડીજીપી અશોકકુમારે જણાવ્યું કે નૈનીતાલમાં ૨૫ લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે સમગ્ર પ્રદેશમાં કુલ ૪૬ લોકોના મોત થયા છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયાનું વળતર અપાશે. ઘર ગુમાવનારાઓને ૧.૯ લાખ રૂપિયા અપાશે, જે લોકોએ પશુધન ગુમાવ્યું છે તેમને પણ દરેક શક્ય મદદ કરાશે.

# ડ્રગ્સ કેસમાં આર્યન ખાનનો જેલવાસ લંબાયો, જામીન નામંજૂર

**સ્ટાર પુત્ર આર્યનનો મુશ્કેલ સમય હજી પૂરો ન થયો : મુનમુન ધામેચા અને અરબાઝ મર્ચન્ટના જામીન પણ નામંજૂર, આર્યનના વકીલ જામીન મેળવવા માટે બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવશે**

મુંબઈ, તા.૨૦

શાહરૂખ ખાનના દીકરા આર્યન માટે મુશ્કેલ સમય હજી પૂરો નથી થયો. મુંબઈની સેશન્સ કોર્ટે આર્યનના જામીન નામંજૂર કર્યા છે. આર્યન ખાનને ૭ ઓક્ટોબરના રોજ ૧૪ દિવસની જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. ૮ ઓક્ટોબરથી આર્યન આર્થર રોડ જેલમાં બંધ છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ મજબૂતાઈથી આર્યનની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. આર્યનના વકીલોએ દલીલ કરી હતી કે તેની પાસેથી કોઈ પ્રતિબંધિત



પદાર્થ મળી આવ્યો નથી અને તે પુરાવા સાથે છેડાછાડ નહીં કરે. જોકે, સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે જામીન નામંજૂર કર્યા છે એટલે હજી પણ આર્યનને આર્થર રોડ જેલમાં રહેવું પડશે.

આર્યન ખાનની સાથે મુનમુન ધામેચા અને અરબાઝ મર્ચન્ટના જામીન પણ નામંજૂર થયા છે. હવે આર્યનના વકીલ જામીન મેળવવા માટે બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવશે. જોકે, હજી ઓર્ડર કોપીની રાહ જોવાઈ રહી છે. જ્યાં સુધી ઓર્ડર કોપી નહીં મળે ત્યાં સુધી વકીલો આગળ તૈયારી નહીં કરી શકે. સેશન્સ કોર્ટની બહાર વકીલોએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે, ઓર્ડરની કોપી ન આવી હોવાથી હજી તેમને પણ નથી ખબર કે કયા કારણોસર જામીન રદ્દ કરવામાં આવ્યા છે. જોકે, એવું માનવામાં આવી રહ્યું છે કે, ષડયંત્રનો આરોપ આ પાછળ જવાબદાર હોઈ શકે છે. કોર્ટમાં જજે માત્ર એટલું જ કહ્યું કે, ત્રણેય જામીન અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

# શોપિયાંમાં જવાનો સાથેની અથડામણમાં બે આતંકી ઠાર

નવી દિલ્હી, તા.૨૦

જમ્મુ કાશ્મીરમાં સતત સુરક્ષા દળોનું આતંકવાદીઓ વિરૂદ્ધનું ઓપરેશન ચાલુ છે. શોપિયાં ખાતે બુધવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન જવાનોએ ૨ આતંકવાદીઓને ઢેર કરી દીધા હતા. જોકે આ એક્રાઉન્ટરમાં ૩ જવાન પણ ઘાયલ થયા છે. તેમાંથી એક જવાને હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

શોપિયાં એક્રાઉન્ટરમાં જે ૨ આતંકવાદીઓ માર્યા ગયા છે તેમાંથી એક આતંકવાદીની ઓળખ આદિલ વાની તરીકે સામે આવી છે. તે જુલાઈ ૨૦૨૦માં આતંકવાદી સંગઠનો સાથે જોડાયો હતો. તેણે પુલવામા ખાતે ઉત્તર પ્રદેશના સહારનપુરના મૂળ નિવાસી પ્રવાસી મજૂરની હત્યા કરી હતી. આદિલ ટીઆરએફનો જિલ્લા કમાન્ડર હતો.

કાશ્મીરના આઈજીપીએ જણાવ્યું કે, જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૧૫ દિવસમાં આતંકવાદીઓ વિરૂદ્ધ ૧૦ જેટલી અથડામણો થઈ છે. આ એક્રાઉન્ટર્સમાં અત્યાર સુધીમાં ૧૫ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ તરફ સુરક્ષા દળોએ પૂંચના જંગલોમાં પણ આતંકવાદીઓને ઘેરી લીધા છે. ત્યાં છેલ્લા ૧૦ દિવસથી એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. જવાનોએ જંગલમાં ૪-૬ આતંકવાદીઓને ઘેરી લીધા છે.

# અમરિંદરસિંહ નવી પાર્ટી બનાવશે

**પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે ભાજપ સાથે મળીને ચૂંટણી લડવાના સંકેત પણ આપ્યા છે**

નવી દિલ્હી, તા.૨૦

પંજાબ કોંગ્રેસમાં મચેલું રાજકીય ધમાસાણ અટકવાનું નામ લઈ રહ્યું નથી. કેપ્ટન અમરિંદર સિંહના મુખ્યમંત્રી પદ છોડ્યા બાદથી સતત પાર્ટી માટે મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. હવે અમરિંદર સિંહે પંજાબમાં નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી છે. સાથે જ તેમણે ભાજપ સાથે મળીને ચૂંટણી લડવાના સંકેત પણ આપ્યા છે.

કેપ્ટન અમરિંદર સિંહના મીડિયા એડવાઈઝર રવીન ઠુકરાલ દ્વારા કરવામાં આવેલા ટ્વીટ અનુસાર પંજાબના ભવિષ્ય માટે લડાઈ ચાલુ રહેશે અને પંજાબ વિધાનસભા ચૂંટણીમાં અમરિંદરની



પાર્ટી ભાજપ સાથે ગઠબંધન પણ કરી શકે છે. આગળ લખવામાં આવ્યું છે કે પંજાબની શાંતિ અને સ્થિરતા લાવવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અમરિંદર સિંહ તરફથી કહેવામાં આવ્યું છે કે અકાળી જુથો સાથે અલગ થયેલા દળો સહિત સમાન વિચારધારા વાળી પાર્ટીઓ સાથે મળીને તેમની સાથે ગઠબંધન કરવાનો પણ વિચાર છે. આ ઉપરાંત જો ખેડૂત આંદોલનનું સમાધાન તેમના હિતમાં થઈ જાય છે તો પંજાબમાં ભાજપ સાથે ડીલની પણ આશા છે.

પંજાબના મુખ્યમંત્રીનું પદ છોડ્યા બાદ જ કેપ્ટન સ્પષ્ટ કરી ચૂક્યા હતા કે તે હવે કોંગ્રેસમાં નથી. તેમણે કહ્યું હતું કે તે અપમાન સહન કરશે નહી અને કોંગ્રેસમાં હવે રહેશે નહી, કારણ કે જેવું વર્તન તેમની સાથે કરવામાં આવ્યું છે તે યોગ્ય નથી.

# ચીન દ્વારા LAC પર ૧૦૦થી વધુ એડવાન્સ રોકેટ લોન્ચર તૈનાત

**વાતચીતની આડમાં યુદ્ધની તૈયારી કરતું ચીન : ચીની સેનાએ LAC નજીક ૧૫૫ એમએમ કેલિબરની PCL-181 સેલ્ફ પ્રોપેલ્ડ હોવિત્ઝર પણ તૈનાત કરી છે**

બેઈજિંગ, તા.૨૦

સરહદ વિવાદ ઉકેલવા માટે જ્યાં એક બાજુ ભારત વાતચીત પર ભાર મૂકી રહ્યું છે ત્યાં ચીન સતત ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી રહ્યું છે. વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીનની ચાલબાજી ફરી એકવાર સામે આવી છે. ચીને સરહદ પર ૧૦૦થી વધુ એડવાન્સ રોકેટ લોન્ચરની તૈનાતી કરી છે. એટલું જ નહીં ચીની સેનાએ LAC નજીક ૧૫૫ એમએમ કેલિબરની PCL-181 સેલ્ફ પ્રોપેલ્ડ હોવિત્ઝર પણ તૈનાત કરી છે. જે દર્શાવે છે કે ચીનના ઈરાદા જરાય સારા નથી.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટમાં ચીની સેનાના સૂત્રોના હવાલે જણાવવામાં આવ્યું છે કે ચીને ભારત સાથે પોતાની હાઈ એલ્ટિટ્યૂડવાળી સરહદે ૧૦૦થી વધુ એડવાન્સ લોંગ રેન્જ રોકેટ લોન્ચર્સ તૈનાત કર્યા છે. સૂત્રોએ જણાવ્યું કે પીપલ્સ લિબરેશન આર્મી હિમાલયની ગાત્રો થીજવી નાખે તેવી ઠંડીની તૈયારી કરી રહી છે. આ તૈનાતી M777 અલ્ટ્રા લાઈટ હોવિત્ઝર સાથે ભારતીય સેનાની ત્રણ રેજિમેન્ટોની તૈનાતીના જવાબમાં કરાઈ છે.

ચીને એલએસી પર PHL-03 લોંગ રેન્જ મલ્ટીપલ રોકેટ લોન્ચર સિસ્ટમ પણ તૈનાત કરી છે. ચીની મીડિયા મુજબ નવા PHL-03 મલ્ટીપલ રોકેટ લોન્ચર્સની ૧૦ યુનિટને લદાખ નજીક મોકલવામાં આવી છે. તેના દરેક યુનિટમાં ચાર ક્રુ મેમ્બર સામેલ છે. જેમાં ૩૦૦ સ્સ ના ૧૨ લોન્ચર ટ્યૂબ લાગેલા છે. રોકેટ ૬૫૦ કિમીના અંતર સુધી હુમલો કરવામાં સક્ષમ છે.

**ફ્લેટ વેચવાનો છે**

સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.

૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**Work From Home**

- Basic knowledge in Computer
- Work with Flexible Timing
- Weekly Income

For more details contact below :
90815 69362
93270 88935
98259 92090

